ખાતાની વડી કચેરી ખાતે વહીવટી અધિકારી, વર્ગ-૨ની ૦૧ જગ્યા, સ્ટોર ઓફીસર, વર્ગ-૨ની ૦૧ જગ્યા અને જિલ્લા પોષણ અધિકારી, વર્ગ-૨ની ૦૧ જગ્યા એબેયન્સમાંથી મુક્ત કરવા બાબત.

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક: આઈસીડી/૧૦૨૦૧૪/૩૦૬/પા.ફા.૧/બ૧
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૩/૦૧/૨૦૨૧

**વંચાણે લીધા:**

2) મહિલા અને બાળ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક: આઈસીડી/૧૦૨૦૧૪/૩૦૬/પા.ફા.૧/બ૧, તા.૨૪/૦૩/૨૦૨૦

**//ઠરાવ//**

વંચાણે લીધા ક્રમાંક (૧) પરના ઠરાવથી મહિલા અને બાળ વિભાગ હસ્તકની આઈસીડીએસ યોજના હેઠળની જગ્યાઓને તા.૨૮/૦૨/૨૦૨૧ સુધી ચાલુ રાખવાની મંજુરી આપવામાં આવેલ છે. ઉક્ત ચાલુ રાખવામાં આવેલ જગ્યાઓ પૈકી ખાતાની વડી કચેરી ખાતે એબેયન્સમાં મુકાયેલ વહીવટી અધિકારી, વર્ગ-૨ની ૦૧ જગ્યા, સ્ટોર ઓફીસર, વર્ગ-૨ની ૦૧ જગ્યા અને જિલ્લા પોષણ અધિકારી, વર્ગ-૨ની ૦૧ જગ્યા પર આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની તા.૨૪/૧૧/૨૦૨૦ની અધિસૂચનાથી શ્રી કે.એ.પરમારને વહીવટી અધિકારી વર્ગ-૨, શ્રી એસ.એમ.કંસારાને સ્ટોર અધિકારી વર્ગ-૨ અને શ્રીમતી એસ.એ.પંડ્યાને જિલ્લા પોષણ અધિકારી વર્ગ-૨ની ખાલી જગ્યાઓ પર નિમણૂક થતાં કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરીના તા.૦૭/૧૨/૨૦૨૦ના હુકમથી તા.૦૧/૧૨/૨૦૨૦નાં રોજથી હાજર થવાના હુકમો કરતાં વહીવટી અધિકારી, વર્ગ-૨ની ૦૧ જગ્યા, સ્ટોર ઓફીસર, વર્ગ-૨ની ૦૧ જગ્યા અને જિલ્લા પોષણ અધિકારી, વર્ગ-૨ની આ ત્રણ જગ્યાઓ એબેયન્સમાંથી મુક્ત કરવાની બાબત વિચારણા હેઠળ હતી.

જે અંગે પુખ્ત વિચારણાના અંતે કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી ખાતે એક વર્ષથી ત્રણ વર્ષ સુધીની ખાલી રહેલ વહીવટી અધિકારી, વર્ગ-૨ની ૦૧ જગ્યા, સ્ટોર ઓફીસર, વર્ગ-૨ની ૦૧ જગ્યા અને જિલ્લા પોષણ અધિકારી, વર્ગ-૨ને એબેયન્સમાં મુકવામાં આવેલી તેને તા.૦૧/૧૨/૨૦૨૦ની પશ્ચાતવર્તી અસરથી એબેયન્સમાંથી મુક્ત કરવામાં આવે છે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણા વિભાગની તા.૦૭/૦૧/૨૦૨૦ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ચૈતન્ય નિમાવત)
નાયબ સચિવ
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

1. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
2. નિયામકશ્રી (આઈસીડીએસ), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
3. નાણા સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
4. એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ.
5. પગાર અને હિસાબી અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગર.
6. સિસ્ટમ મેનેજરશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ – વેબસાઈટ પર મુકવા સારુ.
7. સેક્શન અધિકારી સિલેક્ટ ફાઈલ.
8. શાખા સિલેક્ટ ફાઈલ.